सत्यमेव जयते

| દાખલ તારીખ | ૨૧ / ૧૦ / ૨૦૧૯ |
|---|---|
| રજીસ્ટર તારીખ | ૨૧ / ૧૦ / ૨૦૧૯ |
| ફેંસલ તારીખ | ૦૬ / ૦૪ / ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ – માસ – દિવસ |
| | ૦૬ – ૦૫ – ૧૬ |

**મોટર એક્સીડન્ટ ક્લેઇમ ટ્રિબ્યુનલ અને ૮મા એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ જજ સમક્ષ, મુ. ધોળકા, અમદાવાદ (ગ્રામ્ય)**

**એમ.એ.સી.પી. નં.૮૬૩/૨૦૨૧**
**જુનો એમ.એ.સી.પી. નં.૧૪૯૮/૨૦૧૯**
**આંક –**

**અરજદાર :–**
**ગુજરનાર ભુપતભાઇ ઉર્ફે મેલડી પોપટભાઇ નટ (નાયક) ના કાયદેસરના વારસો,**

(૧) **શાન્તુબેન તે હરીભાઇ ચીકાભાઇ નટ (નાયક) ની પત્ની અને ભુપતભાઇ ઉર્ફે મેલડી પોપટભાઇ નટ (નાયક) ની બહેન.**
ઉ.વ.૬૦ , ધંધો–ખેતીકામ,
રહે.વાલથેરા, તા.ધોળકા, જી.અમદાવાદ.
**આંક-૨૨ નાં હુકમ મુજબ સુધારો કર્યો**

**વિરૂધ્ધ**

**સામાવાળા :–**
**ટ્રક નં.જીજે–૨૩–ડબલ્યુ–૪૩૬૭ ના ડ્રાઇવર, માલિક અને વિમા કં.**

(૧) ~~**તેજાસીંગ અમરસીંગ યાદવ**~~
~~ઉ.વ.૫૧, ધંધો–ડ્રાઇવીંગ~~
~~રહે.૩૦, અરીહંત પાર્ક, જીતોડીયા રોડ, જી.આણંદ.~~
**આંક-૨૦ ના હુકમ મુજબ ડીલીટ કર્યા**

(૨) **સુનીતાદેવી તેજાસીંગ યાદવ**
ઉ.વ.પુખ્ત, ધંધો–ઘરકામ
રહે.૩૦, અરીહંત પાર્ક, જીતોડીયા રોડ, જી.આણંદ.
(આર.સી.બુક પ્રમાણે માલીક)

(૩) **ધરમપાલ S/o ભોલરામ**
ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર,
રહે.R/o ભલખી, પો.દોંગર, જી.મહેન્દ્રાગર્હજી, રાજ્ય – હરિયાણા.
(પોલીસી પ્રમાણે માલીક)

(૪) **ધી નેશનલ ઇન્સ્યુરન્સ કંપની લી. (આર.ઓ)**
હે.હસુભાઇ ચેમ્બર, ટાઉન હોલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ.

**<u>બાબત:–</u>** **<u>મોટર વ્હીકલ એક્ટની કલમ – ૧૬૬ હેઠળ રૂા.૧૦,૦૦,૦૦૦/–નું વળતર મેળવવાની અરજી.</u>**

**<u>અરજદારપક્ષ તરફે વિ.વ.શ્રી કે.બી.પટેલ,</u>**

**<u>સામાવાળા નં.૧,૨ તથા ૩ તરફે કોઈ નહીં.</u>**

**<u>સામાવાળા નં.૪ તરફે વિ.વ.શ્રી એફ.એસ.ભટ્ટ,</u>**

## –: ચુકાદો :–

**(૧)** અરજદારની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૪/૦૫/૨૦૧૨ ના રોજ સવારનાં મારા ભાઈનાં દિકરા વિક્રમભાઈ રહે.સરવાળા, તા.વિરમગામ વાળાનો મારા દિકરો ભરતભાઈ ઉપર ફોન જાણ કરેલ કે ભુપતભાઈ ઉર્ફે મેલડી પોપટભાઈ નટ (નાયક) તા.૧૨/૦૫/૨૦૧૨ ના રોજ સવારનાં ૬.૦૦ વાગ્યાનાં સુમારે ચોરણીયા ગામનાં જી.ઈ.બી. સ્ટેશન સામે રોડ ક્રોસ કરતાં ત્યારે આ કામનાં સામાવાળા નં.૨ અને ૩ ની માલીકીની ટ્રક નં.જીજે–૨૩–ડબલ્યુ–૪૩૬૭ સામાવાળા નં.૧ નાઓ ચલાવતાં હતા ત્યારે આશરે સવારનાં ૬.૦૦ વાગ્યાનાં સુમારે ચોરણીયા ગામનાં જી.ઈ.બી. સ્ટેશન સામે આવેલ મેલડીમાતાનાં મંદિરથી બગોદરા તરફ ૨૫ મીટર દુર રોડની વચ્ચે, NH–8A રોડ ઉપર આ કામનાં સામાવાળા નં.૧ ટ્રક નં. જીજે–૨૩–ડબલ્યુ–૪૩૬૭ પુર ઝડપે, ગફલતભરી રીતે, બેદરાકરીથી, ટ્રાફિકનાં નિયમોનું ઉલ્લંઘન કરીને ચલાવીએ રોડ ક્રોસ કરતાનાં ટ્રક ચાલકે પાછળથી અમો અરજદારનાં ભાઈને જોરથી ટક્કર મારેલી. જેથી સદર એક્સીડન્ટમાં ભુપતભાઈ ઉર્ફે મેલડી પોપટભાઈ નટ (નાયક) ને પેટનાં ભાગે, માંથાનાં ભાગે તથા કાનનાં ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ થવાથી ખુબ જ દુખ, દર્દ, પિડા, વેદના, યાતના, સહન કરી અત્યંત તરફડી–તરફડી મારીને તેઓનું સ્થળ ઉપર મૃત્યુથયેલ છે. તેઓની લાશનું પી.એમ. લીંબડી મુકામે કરવામાં આવેલ. સદર અકસ્માત ટ્રક નં. જીજે–૨૩–ડબલ્યુ–૪૩૬૭ પુર ઝડપે, ગફલતભરી રીતે, બેદરાકરીથી, ટ્રાફિકનાં નિયમોનું ઉલ્લંઘન કરીને ચલાવીએ ટ્રકના ચાલકે પાછળથી આવી અમો અરજદારનાં ભાઈને ટક્કર મારેલી. સદર અકસ્માતનો બનાવ માત્ર સામાવાળા નં.૧ ની સંપુર્ણ કસુર અને બેદરકારીથી બનેલ છે. સદર અકસ્માતનાં બનાવ

અંગે સામાવાળા નં.૧ વિરૂધ્ધ લીંબડી પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં.૪૮/૨૦૧૨ થી ગુનો નોંધાયેલ છે.

અકસ્માત સમયે ગુજરનાર ભુપતભાઇ ઉર્ફે મેલડી પોપટભાઇ નટ (નાયક) ની ઉંમર ૪૦ વર્ષની હતી. અકસ્માત અગાઉ તેઓને કોઇપણ જાતના રોગ કે ખોડ ખાપણ ન હતા. તેઓ શારીરીક તથા માનસિક રીતે સંપૂર્ણ સ્વસ્થ તેમજ તંદુરસ્ત હતા. ગુજરનાર અપરણિત હતા અને તેમાં કોઇ વારસદાર હતા નહીં, માત્ર અમે એક જ બહેન છીએ. ગુજરનાર અમારી સાથે રહેતા હતા અને આવકનો તમામ હિસ્સો અમો અરજદારને ઘર ખર્ચ માટે આપી દેતાં હતા. આમ, અકસ્માત અગાઉ તેઓ ખેતીકામ અને મજુરી કામ કરીને મહીને રૂ.૮,૦૦૦/- જેટલુ કમાતા હતા. અકસ્માત બાદ મર્હુમનાં મૃત્યુ બાદ તેઓની અંતિમક્રિયા તેમજ ધાર્મિક વિધિ પાછળ આશરે રૂ.૫૦,૦૦૦/- જેટલો ખર્ચ થયેલ છે. ગુજરનારને સદર અકસ્માત ન થયો હોત તો ભવિષ્યમાં તેઓ વધુ જીવી શક્યા હોત તેમજ ખેતી કામ કરી સ્થાવર અને જંગમ મિલકત વસાવી શક્યા હોત જેનો લાભ અમો અરજદારને મળી શક્યો હોત અને ભવિષ્યમાં વધુ કામ તથા મહેનત કરીને માસીક રૂ.૧૫,૦૦૦/- ની આવક મેળવી શક્યા હોત, તેઓની વધતી જતી આવક-બચત મિલકતોનો લાભ અમો અરજદારને મળી શક્યો હોત. પરંતુ તેઓનું અકસ્માતમાં મોત થવાથી અમારી તમામ આશાઓ નષ્ટ થયેલ છે. તેઓનાં ગુજરી જવાથી અમો અરજદાર ખુબ જ વિકટ પરિસ્થિતિમાં મુકાઇ ગયા છીએ.

ઉપરોક્ત કારણોસર દુખ, દર્દ અને આઘાતનાં તેમજ ગુજરનારની ભવિષ્યની વધતી જતી આવકની નુકસાનીના તેમજ અમો અરજદારને જીવનમાં એક ભાઇ તરીકે બધા વ્યવહાર કરી શકીયા હોત તેમજ મરણોત્તરક્રિયા ખર્ચના વગરે મળીને અમો અરજદારે રૂ.૧૦,૦૦,૦૦૦/- ૧૨% ના વ્યાજ સાથે સામાવાળાઓ સંયુક્ત અને વિભક્ત રીતે વળતરની રકમ મેળવવા માંગણી કરેલ છે.

**(૨)** અરજી લગત સામાવાળાઓને નોટીસ કરતા સામાવાળાઓને નોટીસ બજી ગયેલી. સામાવાળા નં.૧ નાઓ ગુજરી ગયેલ છે. સામાવાળા નં.૨ તરફે આંક-૧૧ થી લેખિતમાં જવાબ રજુ કરેલ છે. આંક-૨૦ ની અરજી લગત

હુકમ કરી સામાવાળા નં.૩ સામે કેસ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. સામાવાળા નં.૪ તરફે આંક–૧૬ થી લેખિતમાં જવાબ રજુ કરેલ છે.

**(૩)** અરજદારની વળતર અરજી તથા સામાવાળાના જવાબ ધ્યાને લઈ, આંક–૧૪ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

## ISSUES

(1) Whether it is proved that that deceased died due to injuries on account of rashness or negligence on the part of the driver of the vehicle involved in the accident?

(2) What amount, if any, the claimant is entitled to by way of compensation and from which of the opponents?

(3) What order?

**(૪)** ઉપરોક્ત મુદ્દાઓ સંબંધે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નં.૧ :– હકારમાં,

(૨) મુદ્દા નં.૨ :– ચર્ચા મુજબ અંશત:હકારમાં,

(૩) મુદ્દા નં.૩ :– અંતિમ હુકમ મુજબ,

**(૫)** અરજદારે પોતાની અરજી મુજબનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**(ક) <u>મૌખિક પુરાવો :</u>–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૮ | અરજદાર શાંન્તુબેન નાઓની સોગંદ ઉપર સરતપાસની એફીડેવીટ |
| ૨ | ૩૬ | સાહેદ વિક્રમભાઇ ગોવિંદભાઇ નાયક નાઓની જુબાની |

**(ખ) <u>દસ્તાવેજી પુરાવો :</u>–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૧ | ફરીયાદ |

| | | |
|---|---|---|
| ૨ | ૩૨ | પંચનામુ |
| ૩ | ૩૩ | ઈન્કવેસ્ટ પંચનામુ |
| ૪ | ૩૪ | પી.એમ.રિપોર્ટ |
| ૫ | ૩૫ | ચાર્જશીટ |
| ૬ | ૫૧ | અકસ્માતમાં સંડોવાયેલ વાહન નં.જીજે–૨૩–ડબલ્યુ–૪૩૬૭ ની આર.સી.બુકની નકલ |

(૬) અરજદારપક્ષે પુરાવો પુર્ણ થતાં આંક–૩૭ થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરેલ છે તથા સામાવાળા નં.૧,૨ તથા ૩ તરફે કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

**<u>સામાવાળા નં.૪ તરફે દસ્તાવેજી પુરાવો :–</u>**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૪૦ | અકસ્માતમાં સંડોવાયેલ વાહન નં.જીજે–૨૩–ડબલ્યુ–૪૩૬૭ ની વિમા પોલીસી |
| ૨ | ૪૧ | વિક્રમભાઇ ગોવિંદભાઇ ઝાલા નાઓનું પોલીસ રૂબરૂનું નિવેદન |
| ૩ | ૪૭ | તેજસિંહ અમરસિંહ યાદવનો ડ્રાઇવીંગ લાયસન્સનો એક્સટ્રેક્ટ રિપોર્ટ |

સામાવાળા નં.૪ તરફે પુરાવો પુર્ણ થતાં આંક – ૪૮ થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

(૭) અરજદાર તરફે આંક–૪૯ થી લેખિતમાં દલીલો રજુ કરેલ છે.

(૮) સામાવાળા નં.૧ અને ૨ તથા ૩ તરફે કોઇ દલીલ કરવામાં આવેલ નથી. સામાવાળા નં.૪ વિમા કંપની તરફે આંક–૫૦ થી લેખિતમાં દલીલ રજુ કરેલ છે.

## <u>–: કારણો :–</u>

**<u>મુદ્દા નં. ૧ : બેદરકારી તથા જવાબદારી અંગે :–</u>**

(૯) અરજદારે પોતાની આંક–૦૧ ની અરજીમાં જણાવેલ હકીકતને પુરવાર કરવા માટે આંક–૨૮ થી અરજદારની સરતપાસની એફીડેવીટ રજુ કરેલ છે. જે તેમની અરજીને અનુરૂપ છે અને સામાવાળા નં.૧,૨ તથા ૩ તરફે કોઇ હાજર ન હોય ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે. સામાવાળા નં.૪

વિમા કંપની દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં અરજદાર એવુ જણાવે છે કે, એ વાત ખરી છે કે અકસ્માતનો બનાવ મેં નજરે જોયેલ નથી. વધુમાં જણાવે છે કે અકસ્માતનો બનાવ સને–૨૦૧૨ માં બન્યો ત્યારે મારા લગ્ન થઇ ગયા હતા અને હું મારી સાસરીમાં મારા પતિ તેમજ મારા બાળકો સાથે રહેતી હતી. વધુમાં જણાવે છે કે એ વાત ખરી નથી કે ગુજરનાર ભુપતભાઇ વિક્રમભાઇની સાથે રહેતા હતા. વધુમાં જણાવે છે કે એ વાત ખરી નથી કે ગુજરનાર ભુપતભાઇ ગામ શિહોર, તા.સાણંદ ખાતે રહેતા હતા તે અંગેનો દસ્તાવેજી પુરાવો મેં આ કામે રજુ કરેલ નથી. વધુમાં જણાવે છે કે એ વાત ખરી છે કે ગુજરનાર ભુપતભાઇ અકસ્માત સમયે ગામ–ચોરણીયા, તા.દુધરેજ ખાતે મેલડી માતાનાં મંદિરમાં સેવાપુજા કરતા હતા. વધુમાં જણાવે છે કે એ વાત ખરી છે કે તેઓ બે–ત્રણ મહિને એક વાર મારા ઘરે આવતા હતા. વધુમાં જણાવે છે કે એ વાત ખરી છે કે ગુજરનાર ભુપતભાઇને ક્યા વાહનથી અકસ્માત થયો હતો તે મને ખબર છે.

વધુમાં અરજદાર તરફે આંક–૩૬ થી સાહેદ વિક્રમભાઇ ગોવિંદભાઇ નાયક નાઓને સોગંદ પર તપાસવામાં આવેલ છે જેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, મરણજનાર ભુપતભાઇ ઉર્ફે મેલડી પોપટભાઇ નટ મારા સગા કાકા થાય છે. વધુમાં જણાવે છે કે મરણજનાર ભુપતભાઇ બે ભાઇઓ હતા જેમાં બીજો ભાઇ મારા પિતા ગોવિંદભાઇ હતા. વધુમાં જણાવે છે કે મરણજનાર ભુપતભાઇને એક બેન શાંતુબેન હરીભાઇ નાયક કરીને છે. વધુમાં જણાવે છે કે મરણજનાર ભુપતભાઇનાં માતા–પિતા તેઓનાં નાનપણમાં ગુજરી ગયેલા. વધુમાં જણાવે છે કે ગુજરનાર ભુપતભાઇ અપરણિત ગુજરી ગયેલ હતા. વધુમાં જણાવે છે કે મરણજનાર ભુપતભાઇ મરણ ગયેલ તે પહેલા મજુરીકામ કરી માસિક રૂ.૮,૦૦૦/– જેટલુ કમાતા હતા. વધુમાં જણાવે છે કે મરણજનાર ભુપતભાઇ તેઓની બહેન સાથે રહેતા હતા. વધુમાં જણાવે છે કે મરણજનાર ભુપતભાઇ મજુરી કરી જે કમાતા હતા તે તેઓની બહેનને આપી દેતા હતા. સામાવાળા નં.૧ થી ૩ હાજર ન હોય તેઓનો ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે. સામાવાળા નં.૪ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદ જણાવે છે કે, અકસ્માતમાં ગુજરનાર ભુપતભાઇ મારા સગા કાકા થયા છે અને શાંતુબેન મારા સગા ફોઇ અને ભુપતભાઇનાં

બેન થાય છે. વધુમાં સામાવાળા નં.૪ તરફે સવાલ કરવામાં આવેલ છે કે શાંતુબેન તેમની સરતપાસમાં જણાવે છે કે ભુપતભાઇને મારા સિવાય કોઇ વારસદાર નથી, જેનો જવાબમાં સાહેદ જણાવે છે કે એ વાત સાચી છે. વધુમાં જણાવે છે કે એ વાત ખરી નથી કે ગુજરનાર ભુપતભાઇ ક્યાં અને કોની પાસે રહેતા હતા તેની મને ખબર નથી. વધુમાં જણાવે છે કે એ વાત ખરી છે કે પોલીસે ભુપતભાઇનું અવસાન થતાં લાસનો કબ્જો મને સોંપેલ અને તે સંબંધે લીંબડી પોલીસે મારી પુછપરછ કરી અને મારા નિવેદનમાં લખાવેલ કે આ ભુપત ઉર્ફે મેલડી નાગોરા નાનપણથી તેઓનાં માતા–પિતાનું અવસાન થતાં તે તેની રીતે એકલો જ્યાં ત્યા ફરતો રહે છે અને મોટા ભાગે દુધરેજનાં સ્મશાનની આજુબાજુ રહી મજુરીકામ તથા સ્મશાનનું કામ કરે છે અને આ ભુપતભાઇનું એક્સીડન્ટ ક્યાં તથા ક્યારે અને કેવી રીતે થયેલ તેની મને જાણ નથી તેવી હકીકત મેં લખાવેલી હતી.

આમ, અરજદારની સરતપાસ તથા ઉલટતપાસ ધ્યાનમાં રાખતા તથા સામાવાળા નં.૪ તરફે મુખ્ય રજુઆત એવી છે કે અરજદારની સરતપાસ અને ઉલટતપાસ જોતાં ગુજરનાર ભુપતભાઇ અરજદારની સાથે રહેતા ન હતા પરંતુ ગુજરનાર દુધરેજ ગામનાં સ્મશાનમાં રહેતા હતા અને મેલડી માતાનાં મંદિરમાં સેવા પુજા કરતા હતા અને તેમાંથી જે આવક થાય તેમાંથી ગુજરનાર તેમનું ગુજરાન ચલાવતા હતા. જેથી અરજદાર ગુજરનાર ભુપતભાઇનાં ડેપેન્ડેબલ ગણી શકાય નહીં. તેમજ અરજદાર તરફથી ગુજરનાર તેમનાં ભાઇ થતાં હતા તે અંગેનો કોઇ દસ્તાવેજી પુરાવો પણ રજુ કરેલ નથી. તેમજ આંક – ૩૬ થી તપાસેલ સાહેદ વિક્રમભાઇ પણ જણાવે છે કે ગુજરનાર ભુપતભાઇ અને શાંતાબેન અને અમો સંબંધી છીએ તે દર્શાવતો કોઇ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં સાહેદ વિક્રમભાઇનું નિવેદન પોલીસ રૂબરૂનું વંચાણે લેવામાં આવે તો તેમાં પણ ગુજરનાર ભુપતભાઇ રખડતા–ભટકતા જીંદગી ગુજારતા હોય અને તેમાંથી પોતાનું ગુજરાન ચલાવતા હોય તેવુ સ્પષ્ટ જણાઇ આવે છે. જેથી અરજદાર ગુજનાર ભુપતભાઇનાં આશ્રિત ન હોય વળતર મેળવવા હક્કદાર નથી. તે મુજબની આંક–૫૦ થી રજુ લેખિત દલીલમાં જણાવેલ છે.

સામાવાળા નં.૪ ની ઉપરોક્ત દલીલ ધ્યાનમાં રાખતા તથા અરજદારનો પુરાવો જોવામાં આવે તો અરજદાર નાઓએ આંક–૨૮ થી

સરતપાસની એફીડેવીટ રજુ કરેલ છે જેમાં તેઓ જણાવે છે કે ગુજરનાર ભુપતભાઇ બનાવ સમયે અપરણિત હતા અને વારસદારમાં અમો એક બહેન છીએ અને ગુજરનાર અમારી સાથે રહેતા હતા અને આવકનો હિસ્સો અમોને ઘરખર્ચ માટે આપતા હતા. વધુમાં આંક–૩૬ થી વિક્રમભાઇ ગોવિંદભાઇ નાઓને તપાસેલ છે જેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે ગુજરનાર ભુપતભાઇ મારા સગા કાકા થાય છે અને મારા પિતા ગોવિંદભાઇ મરણ ગયેલ છે તેમજ ભુપતભાઇનાં માતા પિતા પણ નાનપણમાં ગુજરી ગયેલ છે. વધુમાં જણાવે છે કે ગુજરનાર ભુપતભાઇને એક બહેન શાંતુબેન હરીભાઇ નાયક છે. વધુમાં જણાવે છે કે મરણજનાર ભુપતભાઇ મરણ ગાય બાદ તેમની લાશ અમોને સોંપેલ અને અગ્નિસંસ્કાર અમોએ કરેલ. વધુમાં જણાવે છે કે મરણજનાર ભુપતભાઇ તેઓની બહેન સાથે રહેતા હતા અને મરણજનાર ભુપતભાઇ મજુરી કરીને જે કાંઇ કમાતા હતા તે તેની બહેનને આપી દેતા હતા. આમ, અરજદારની સરતપાસ તથા ઉલટતપાસ તથા આંક–૩૬ થી વિક્રમભાઇ ગોવિંદભાઇ નાયકની સરતપાસ તથા ઉલટતપાસ ધ્યાનમાં રાખવામાં આવે તો તેઓ એવુ જણાવે છે કે ગુજનાર ભુપતભાઇ અરજદારની સાથે રહેતા હતા અને અરજદારએ ગુજરનાર ભુપતભાઇનાં બહેન છે તેમજ ગુજરનાર જે કાંઇ કમાતા હતા તે તેઓ અરજદારને આપી દેતા હતા. આમ, ઉપરોક્ત પુરાવો ધ્યાનમાં રાખતા આ કામનાં અરજદારએ ગુજરનાર ભુપતભાઇનાં બહેન છે અને ભુપતભાઇ જે પણ કમાતા હતા તે તમને બહેનને એટલે કે અરજદારને આપી દેતા હતા અને ગુજરનાર ભુપતભાઇ અપરણિત હતા. જેથી ઉપરોક્ત પુરાવો ધ્યાનમાં રાખતા સામાવાળા નં.૪ તરફે રજુઆત છે કે અરજદારએ ગુજરનારનાં આશ્રિત ન હોય વળતર મેળવવા હક્કદાર ન હોય તે હકીકત આંક–૩૬ થી ગુજરનારનાં ભત્રિજા વિક્રમભાઇ ગોવિંદભાઇ નાઓનો પુરાવો ધ્યાનમાં રાખતા માનવાપાત્ર રહેતી નથી. વધુમાં વિક્રમભાઇ ગોવિંદભાઇ એવુ પણ જણાવે છે કે ગુજરનાર ભુપતભાઇ જે મજુરી કરીને કમાતા હતા તે તેમની બહેનને એટલે કે અરજદારને આપી દેતા હતા તેમજ અરજદાર પણ તેમની સરતપાસમાં જણાવે છે કે ગુજરનાર ભુપતભાઇ જે કાંઇ મજુરી કરીને કમાતા હતા તે આવક તેમને આપતા હતા અને તેનાથી અરજદાર તેમનું ઘર ખર્ચ ચલાવતા હતા. જેથી અરજદારનાં બનાવ સમયે લગ્ન થઇ

ગયેલ હોય પરંતુ ગુજરનાર ભુપતભાઇની આવક ઉપર અરજદારનો ઘર ખર્ચ ચાલતો હતો. જેથી સામાવાળા નં.૪ ની રજુઆત ઉપરોક્ત પુરાવો ધ્યાનમાં રાખતા માનવાપાત્ર રહેતી નથી.

વધુમાં સામાવાળા નં.૪ તરફે ૧૯૯૧ એ.સી.જે. ૫૮૫ જીનાબાઇ એન્ડ અધર્સ વિ. ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનનો ચુકાદો રજુ કરેલ છે. સદર ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં એવુ જણાવેલ છે કે ગુજરનારનાં વારસદારો વળતર મેળવવા હક્કદાર છે. જ્યારે ગુજરનારનાં સગાઓ માત્ર લોસ ઓફ એસ્ટેટ મેળવવાને હક્કદાર છે. ઉપરોક્ત ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં જણાવેલ રેસિયો ધ્યાનમાં રાખતા હાલનાં કામે અરજદારએ ગુજરનારનાં સગા બહેન છે જે હકિકત અરજદારે પુરવાર કરેલ છે તેમજ અરજદાર ગુજરનારની આવક ઉપર નિર્ભર હતા અને ગુજરનાર જે કમાતા હતા તે આવક ઘર ખર્ચ માટે અરજદારને આપી દેતા હતા અને અરજદાર ગુજરનારની આવક ઉપર આશ્રિત હતા તે હકિકત અરજદારે તેમનાં પુરાવાથી પુરવાર કરેલ છે. જેથી સદર કેસનાં સંજોગો અને હાલનાં કેસનાં સંજોગો અલગ અલગ હોય સદર ચુકાદાનો લાભ સામાવાળા નં.૪ ને મળવાપાત્ર નથી.

વધુમાં સામાવાળા નં.૪ તરફે એવુ જણાવેલ છે કે બનાવ સમયે સામાવાળા નં.૧ કે જે વાહન ચલાવતા હતા પરંતુ તેમની પાસે ટ્રક ચલાવવાનું વેલીડ લાયસન્સ ન હતુ અને તે હકિકત આર.ટી.ઓ. અધિકારી દ્વારા રજુ કરેલ પુરાવાથી પુરવાર કરેલ છે. જેથી સામાવાળા નં.૧ કે જેઓ બનાવ સમયે વાહન ચલાવતા હતા તેઓની પાસે બનાવ સમયે વાહન ચલાવવાનું વેલીડ લાયસન્સ ન હોય જેથી વિમાની શરતોનો ભંગ થયેલ હોય જેથી સામાવાળા નં.૪ ની વળતર ચુકવવાની કોઇ જવાબદારી રહેતી નથી.

ઉપરોક્ત સામાવાળા નં.૪ ની રજુઆત ધ્યાનમાં રાખતા તથા આંક-૪૭ થી નડિયાદ આર.ટી.ઓ. અધિકારી દ્વારા ડ્રાઈવીંગ લાયસન્સની નકલ રજુ કરેલ છે જેમાં સામાવાળા નં.૧ નું નામ લખેલ છે. જેમાં ડીલે ટ્રાન્જેક્શન હીસ્ટ્રી જોવામાં આવે તો વેલીડ અપ ટુ તા.૨૯/૦૯/૨૦૧૨ એવુ લખેલ છે અને બનાવ તા.૧૨/૦૫/૨૦૧૨ ના રોજ બનેલ છે. જેથી બનાવ સમયે

લાયસન્સ સામાવાળા નં.૧ ધરાવતા હોવાનું જણાઇ આવે છે. જેથી સદરહું રજુઆત પણ સામાવાળા નં.૪ ની માનવાપાત્ર રહેતી નથી.

વધુમાં ફરિયાદ જોવામાં આવે તો ફરિયાદ આંક–૩૧ થી રજુ છે જે ભુતનાથ નટુભા ઝાલા દ્વારા આપવામાં આવેલ છે અને ફરિયાદમાં એવુ જણાવેલ છે કે એક મોટી ગાડીવાળો મેલડી સાથે ભટકાડીને જતો રહેલ. વધુમાં આંક–૩૨ થી બનાવવાળી જગ્યાનું પંચનામુ રજુ છે જેમાં જીજે–૨૩–ડબલ્યુ–૪૩૬૭ વાળો ટ્રક પડેલ છે તેવુ જણાવેલ છે અને સદર ટ્રક દ્વારા અકસ્માત થયેલાનું તેમાં જણાવેલ છે. વધુમાં આંક–૩૫ થી આખરી અહેવાલ રજુ કરેલ છે, જેમાં આરોપી તરીકે સામાવાળા નં.૧ તેજાસીંગ યાદવનું નામ લખેલ છે અને તેમાં ટ્રક નં.જીજે–૨૩–ડબલ્યુ–૪૩૬૭ ના ચાલકે પુરઝડપે અને બેફીકરાઇથી એક માણસને અડફેટમાં લઇ મોત નિપજાવી નાંસી ગયેલાનું જણાવેલ છે. જેથી ફરિયાદ તથા પંચનામુ અને આખરી અહેવાલ ધ્યાનમાં રાખતા બનાવ સમયે સામાવાળા નં.૧ નાઓ પુર ઝડપે અને બેદરકારીથી ટ્રક નં.જીજે–૨૩–ડબલ્યુ–૪૩૬૭ ચલાવી ગુજરનાર ભુપતભાઇ સાથે એકસીડન્ટ કરી તેમનું મૃત્યુ નિપજાવેલ હોવાનું જણાઇ આવે છે. વધુમાં આંક–૫૧ થી આર.સી.બુકની નકલ રજુ છે જેમાં વાહન નં.જીજે–૨૩–ડબલ્યુ–૪૩૬૭ લખેલ છે અને માલીક તરીકે સુનિતાદેવી તેજસિંહ યાદવ નામ લખેલ છે. જેથી બનાવ સમયે અકસ્માતમાં સંડોવાયેલ વાહનનાં માલીક સામાવાળા નં.૨ નાઓ હોવાનું જણાઇ આવે છે અને સામાવાળા નં.૩ દ્વારા અકસ્માતમાં સંકળાયેલ વાહનનો વિમો લેવામાં આવેલ છે જે આંક–૪૦ થી રજુ છે તે જોવામાં આવે તો તેમાં વિમો લેનાર તરીકે ધરમપાલ ભોલારામનું નામ લખેલ છે અને વિમા પોલીસીનો સમયગાળો જોવામાં આવે તો તા.૦૪/૧૨/૨૦૧૧ થી તા.૦૩/૧૨/૨૦૧૨ લખેલ છે અને બનાવ તા.૧૨/૦૫/૨૦૧૨ ના રોજ બનેલ છે. જેથી બનાવ સમયે વિમા પોલીસી અમલમાં હોવાનું જણાઇ આવે છે અને વિમો સામાવાળા નં.૩ દ્વારા લેવામાં આવેલ છે.

જેથી ઉપરોક્ત પુરાવો ધ્યાનમાં રાખતાં અરજદારનો પુરાવો વિશ્વાસનીય હોવાનું જણાઇ આવે છે અને આ કામના સામાવાળા નં.૨ વાહનનાં માલીક તથા સામાવાળા નં.૩ દ્વારા અકસ્માતમાં સંકળાયેલ

વાહનનો વિમો લેવામાં આવેલ છે તેમજ સામાવાળા નં.૪ વાહનની ઈન્શ્યોરન્સ કંપની હોય જેથી આ કામના સામાવાળાઓને સંયુક્ત અને વિભક્ત રીતે વળતર ચુકવણી માટે જવાબદાર ગણવામાં આવે છે.

**(૧૦) <u>વળતર અંગે :-</u>**

(૧૦.૧) ગુજરનાર ભુપતભાઈની ઉંમર બનાવ સમયે ૪૦ વર્ષની હતી અને તેઓ ખેતીકામ તથા મજુરી કામ કરી માસિક રૂ.૮,૦૦૦/- કમાતા હતા તેથી તેઓનાં વારસદાર તરફથી રૂા.૧૦,૦૦,૦૦૦/- સામાવાળાઓ પાસેથી ૧૨ ટકાનાં વ્યાજ સાથે અપાવવા દાદ માંગેલ છે.

(૧૦.૨) **<u>અરજદારની વય તથા ગુણાંક બાબત :-</u>**

ગુજરનાર ભુપતભાઈ બનાવ સમયે ૪૦ વર્ષના હોવાનું અરજદાર જણાવે છે. જે સંદર્ભે અરજદારોએ કોઇ પુરાવો રજુ કરેલ નથી પરંતુ આંક-૩૪ થી રજુ પી.એમ. નોટ જોવામાં આવે તો તેમાં ગુજરનાર ભુપતભાઇ ઉર્ફે મેલડી પોપટભાઇ નટ નાઓની ઉંમર ૪૫ વર્ષની દર્શાવેલ છે. જેથી આંક-૩૪ થી રજુ પી.એમ. નોટ ધ્યાનમાં રાખતા બનાવ સમયે ગુજરનાર ભુપતભાઇ ઉર્ફે મેલડી પોપટભાઇ નટ નાઓની ઉંમર ૪૫ વર્ષની હોવાનું માનવાને પાત્ર રહે છે. જેથી ગુજરનાર કનુભાઇ ૪૧ થી ૪૫ વર્ષની વયજુથમાં આવતાં હોય ૧૪ નો ગુણાંક ***સરલા વર્મા એન્ડ અધર્સ વિ. દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન એન્ડ અનધર, એ.આઈ.આર. ૨૦૦૯ (એસ.સી) ૩૦૧૪*** ના ચુકાદા મુજબ ધ્યાને લેવા પાત્ર રહે છે.

(૧૦.૩) **<u>આવક તથા ભવિષ્યની આવક વૃધ્ધિ બાબત :-</u>**

**(ક) <u>ગુજરનારની આવકની આકારણી બાબત :-</u>**

અરજદાર તરફે તેમની રજુઆત છે કે ગુજરનાર ભુપતભાઇ ઉર્ફે મેલડી પોપટભાઇ નટ અકસ્માત પહેલા ખેતીકામ તથા મજુરી કામ કરી રૂ.૮,૦૦૦/- કમાતા હતા પરંતુ તે સંદર્ભે અરજદાર તરફ કોઇ પુરાવો રજુ થયેલ નથી. જેથી અકસ્માત સમયનાં લઘુત્તમ વેતન દર, મોંઘવારી દર, ફુગાવો, અરદારની વય તથા કામનો પ્રકાર ધ્યાનમાં રાખતા તથા નોશનલ ઈન્કમ ધ્યાનમાં રાખતા બનાવ તા.૧૨/૦૫/૨૦૧૨ ના રોજ બનેલ હોય અને નોશનલ ઈન્કમ વર્ષ-૨૦૧૨ ની ધ્યાનમાં રાખતા બનાવ સમયે

ગુજરનાર ભુપતભાઈ ઉર્ફે મેલડી પોપટભાઈ નટ નાઓની માસીક આવક રૂા.૪,૮૦૦/– કમાતા હોવાનું ઠરાવવામાં આવે છે.

(ખ) **<u>ગુજરનારની ભવિષ્યની આવક વૃદ્ધી બાબત :–</u>**

અકસ્માત સમયે ગુજરનાર ભુપતભાઈની ઉંમર ૪૫ વર્ષની હોય જેથી ગુજરનાર ભુપતભાઈ ૪૦ થી ૫૦ વર્ષની વયજુથમાં આવતા હોય ૨૫% ભવિષ્યની આવક વૃધ્ધી નેશનલ ઈન્સ્યોરન્સ કંપની લી. વિ. પ્રણવ શેટ્ટી એન્ડ અધર એસ.એલ.પી. (સિવિલ) નં.૨૫૫૯૦/૨૦૧૪ ના ચુકાદાને ધ્યાનમાં રાખતાં મળવાપાત્ર રહે છે.

વધુમાં નામ. સુપ્રિમ કોર્ટના કેસ સરલા વર્મા વિ. દિલ્હી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ૨૦૦૯ A. C. J. Page No. 1298 માં જણાવ્યા મુજબ ગુજરનારની આવક તથા અંગત ખર્ચા ધ્યાનમાં રાખતાં ગુજરનાર તેઓની પાછળ હાલનાં ૧ અરજદારને આશ્રિત તરીકે મુકીને ગયેલા હોય તેમજ અરજદાર અપરણિત હોય જેથી ૧/૨ ભાગ ગુજરનારની આવકમાંથી બાદ કરવામાં આવે છે.

**<u>Calculation of total loss of dependency.</u>**

| Heads | Amount | Reasons/Considerations |
|---|---|---|
| Annual Income | Rs.57,600/- | (Rs.4,800/- x 12 Months) |
| Future Prospects | Rs.14,400/- | 25% Prospective Income as per *National Insurance Co. Ltd. Vs. Pranay Sethi (Supra.)* |
| **Total Annual Income** | **Rs.72,000/-** | |
| Deduction Against Personal Expenditures. | Rs.36,000/- | Rs.72,000/- - Rs. 36,000/- **(1/2 of Deduction)** |
| Multiplier | 14 | being 45 years of Age |
| **Total Loss of Dependency** | **Rs.5,04,000/-** | Rs.36,000/- x 14 |

**<u>Loss of Estate, Loss of Consortium and Funeral Expenses:</u>**

(૧૦.૪) નામ. સુપ્રિમ કોર્ટના નીચેના ચુકાદા અનુસાર કોન્સોર્ટીયમ હેઠલ આપવાની રકમ નક્કી કરવાની રહે છે.

Civil Appeal No. 3093/2020 with Civil Appeal No.3094/2020 with Civil Appeal No.3095/2020 with Civil Appeal No.3096/2020 with Civil Appeal No.3097/2020 with Civil Appeal No.3098/2020 with Civil Appeal No.3099/2020, the Hon'ble Apex Court has defined the word 'Consortium' in para-36 of the judgment which are (i) filial consortium, (ii) parental consortium and (iii) spousal consortium. It is further pertinent to note that in para-37 of the aforesaid judgment, it is held that consortium is not limited to spousal consortium and it also includes parental consortium as well as filial consortium. Further, paragraph-87 of the judgment of United India Insurance Co. Ltd.(supra) is quoted which reads as under:

**87.** In so far as the conventional heads are concerned, the deceased Satpal Singh left behind a widow and three children as his dependents. On the basis of the judments in Pranay Sethi (supra) and Magma General (supra), the following amounts are awarded under the conventional heads:

Loss of Estate : 15,000/-

Funeral Expenses : 15,000/-

Loss of Consortium:

a) Spousal Consortium : 40,000/-

b) Parental Consortium : 40,000/-

c) Filial Consortium : 40,000/-

જેથી, ઉપરોક્ત ચુકાદાઓ ધ્યાનમાં રાખતાં અરજદારો નીચે મુજબનું વળતર મેળવવા હક્કદાર છે.

Loss of Estate : 15,000/-

Funeral Expenses : 15,000/-

Filial Consortium (with 10% increase): 44,000/-

(44,000/- x 1)

ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ અરજદારો નીચે મુજબનું વળતર સામાવાળાઓ પાસેથી મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

**(૧૧)** ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ અરજદારો નીચે મુજબનું વળતર સામાવાળાઓ પાસેથી મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| 1 | Loss of Dependency | Rs.5,04,000/- |
| 2 | Loss of Estate | Rs.15,000/- |
| 3 | Funeral Expenses | Rs.15,000/- |
| 4 | Filial Consortium | Rs.44,000/- |
| | **Total Rs.** | **Rs.5,78,000/-** |

**(૧૨) વ્યાજ અંગે :-**

(૧૨.૧) અરજદારોએ પ્રતિવર્ષ ૧૨ ટકાનાં વાર્ષિક વ્યાજદરે વળતર ચુકવવા માંગણી કરેલ છે પરંતુ નામ. ગુજરાત હાઈકોર્ટે ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપની લી. વિરૂદ્ધ રાજકુમાર ધરમસીંગ ૨૦૧૪ એસ.સી.સી. ઓનલાઈન જી.યુ.જે.૧૩૫૫ ના ચુકાદામાં એવું જણાવેલ છે કે,

*7. In the light of the fact that in the case of* ***Josphine James v. United India Insurance Co. Ltd.*** *(supra), the Supreme Court has held that there was no justification for the Tribunal and the High Court in not applying the ratio of the decision of Association of Victims of Uphaar Tragedy and has awarded interest at the rate of 9% per annum, the court is of the view that the Tribunal was not justified in determining the rate of interest at 12% without any basis. Under the circumstances, the rate of interest is required to be reduced to 9% by following the decision of the Supreme Court in the case of* ***Municipal Corporation of Delhi v. Association of Victims of Uphaar Tragedy*** *(supra).*

(૧૨.૨) જેથી ઉપરોક્ત ચુકાદામાં ઠરાવ્યા મુજબ વળતરની રકમ ઉપર અરજીની તારીખથી ચુકવણી તારીખ સુધી વાર્ષિક ૯ ટકાના વ્યાજ દરે થતાં વ્યાજ અને ખર્ચ સાથે સામાવાળાઓ દ્વારા અરજદારોને વળતરની રકમ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. આમ, ઉપરોક્ત મુદ્દા નં.૧ અને ૨ ના નિર્ણયો હકારમાં આપવામાં આવે છે તથા મુદ્દા નં.૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## **-: હુકમ :-**

૧. અરજદારોની વળતર અરજી નં.૮૬૩/૨૦૨૧ સામાવાળાઓ સામે **અંશતઃ મંજુર** કરવામાં આવે છે.

૨. અરજદાર આ કામનાં સામાવાળાઓ પાસેથી વળતરની રકમ પટે **રૂા.૫,૭૮,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ ઇઠીયોતેર હજાર પુરા)** વળતર અરજી દાખલ કર્યા તારીખથી ચુકવણી તારીખ સુધી પ્રતિ વર્ષ ૦૯ ટકાનાં વ્યાજદરે થતી વ્યાજ અને ખર્ચની રકમ સાથે સંયુક્ત અને વિભક્ત રીતે વસુલ મેળવવા હક્કદાર ઠરાવવામાં આવે છે.

૩. સામાવાળાઓ વિરૂધ્ધ એવો હુકમ કરવામાં આવે છે કે તેઓએ આ હુકમની તારીખથી દિન-૩૦ માં ચુકવવાની થતી તમામ રકમ આ ટ્રિબ્યુનલની ઓફિસમાં સંયુક્ત અને વિભક્ત રીતે વચગાળાની રકમ બાદ કર્યા પછી (જો કોઇ એમ.વી. એક્ટ હેઠળ ચુકવેલ હોય) જમા કરાવવાનો નિર્દેશ કરવામાં આવે છે.

૪. સામાવાળાઓ તરફથી વળતરની રકમ ટ્રિબ્યુનલમાં જમા કરાવ્યેથી અરજદારોની બાકી નિકળતી કોર્ટ ફીની રકમ જો હોય તો કપાત કરી બાકીની રકમ અરજદારોને સરખા હિસ્સામાં વળતર તરીકે ચુકવવી.

૫. ઉપર મુજબની રકમ કપાત કર્યા બાદ બાકીની રકમ પૈકી ૫૦% રકમ અરજદારોને અરજદારોની પસંદગીવાળી રાષ્ટ્રીયકૃત બેંકમાં પાંચ વર્ષ માટે ફીક્સ ડીપોઝીટ કરવી તથા બાકીની રહેતી ૫૦% રકમ અરજદારને RTGS/NEFT મારફતે ચુકવવી.

૬. અરજદારોને ફીક્સ ડીપોઝીટ ઉપર વ્યાજનો દર સમયાંતરે મેળવવા હક્કદાર રહેશે, પરંતુ આ ટ્રિબ્યુનલની પુર્વ પરવાનગી વિના લોન

અથવા એડવાન્સ મેળવવા હક્કદાર રહેશે નહીં.

૭. અરજદારોને આજથી એક સપ્તાહની અંદર નીચેની વિગત સબમિટ કરવાનો નિર્દેષ કરવામાં આવે છે.

૧. અરજદારોનું નામ સરનામા સાથે.

૨. અરજદારોની બેંક અને શાખાનું નામ IFSC કોડ સાથે.

૩. બેંક પાસબુકના પ્રથમ પૃષ્ઠની નકલ, જેમાં અરજદારોનો ફોટો ફરજીયાતપણે હશે, જે સંબંધિત બેંક દ્વારા યોગ્ય રીતે પ્રમાણિત થયેલ હશે, તે ઉપલબ્ધ કરાવવું. વિમા કંપનીએ તથા ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન તથા અન્ય સંસ્થાઓએ તા.૨૭.૧૨.૨૦૨૧ ના પરિપત્રમાં નિર્દેશિત મુજબ, રકમ **Account Name :- ADDI DIST AND SESSN JUDGE DHOLKA MACP, Account No.**40723671129**, IFSC Code: SBIN**0000364 ખાતામાં જમા કરાવવાના રહેશે અને આ રકમ જમા કરાવ્યેથી ઇન્શ્યોરન્સ કંપની અને ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન તથા અન્ય સંસ્થાનાઓએ રજીસ્ટ્રી ઓફ એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ નાઓને બેંક એડવાઇઝ સાથે જાણ કરતો પ્રિસ્ક્રાઇબ્ડ ફોર્મેટમાં જાણ કરવી.

વળતર ચુકવણીની વિગત નીચે મુજબ છે:

| | |
|---|---|
| MACP No. | : |
| On the file of (Claims Tribunal Name) | : |
| Name of the Petitioner/s. | : |
| Date of Award. | : |
| Compensation Amount. | : |
| Name of the bank who Deposit the amount. | : |
| Income Tax Deduction at Source. | : |
| Bank Transaction Ref. | : |

No.

Unique Transaction Ref.

No. (UTR) No.

૮. અરજદારોની વળતરની રકમ NEFT/RTGS મારફતે તેમના બેંકના ખાતામાં જમા કરાવવાની રહેશે.

૯. વળતરની રકમ જમા થયેથી સામાવાળાઓએ પેમેન્ટ એડવાઇઝની ટ્રિબ્યુનલમાં અને અરજદારોને અથવા તેમના વકીલશ્રીને કરવી.

૧૦. આવકવેરા અધિનિયમનું ફોર્મ 16–A અરજદારને પ્રદાન કરવુ જોઇએ કે જેના વતી કપાત કરવામાં આવી છે જેથી કરીને તે કપાત કરેલ કરનું રિફંડ મેળવવા માટે સક્ષમ બને.

૧૧. સામાવાળાએ માનનીય સર્વોચ્ચ અદાલત દ્ધારા નિર્ધારિત દિશાનિર્દેશો અને માર્ગદર્શિકાનું ***The Oriental Insurance Company Vs. Chief Commissioner of Income-Tax (TDS) in R/SPCA No.****4800/2000* ***decided on*** *05/04/2022* મુજબ પાલન કરવા–કરવાનો હુકમ કરવામાં આવે છે.

૧૨. રજીસ્ટ્રી, અરજદર/ઓ, પ્રતિવાદી/ઓ અને સંબંધિત બેંકોએ માનનીય સર્વોચ્ચ અદાલત દ્ધારા ***Bajaj Allianz General Insurance Company Pvt. Ltd. Vs. Union of India & Ors. in W.P.(Civil) No.****534/2020* માં ઠરાવેલ નિર્દેશોનું પાલન કરવું.

૧૩. હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ તારીખ ૦૬ શ્રી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૪/૨૦૨૬
સ્થળ–ધોળકા

**(પુર્વજીતસિંહ પ્રવિણસિંહ જાડેજા)**
મોટર એક્સીડન્ટ ક્લેઇમ ટ્રીબ્યુનલ અને
૮મા એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ તથા સેશન્સ જજ,
મુ. ધોળકા, અમદાવાદ (ગ્રામ્ય)
કોડ નં.૦૦૮૩૨